અતિ અગત્યનું

ક્રમાંક: જીસીવીટી/ઓડિટ/ટી-૯/૨૦૧૩/ ૯૭૬

ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ

ડો.જીવરાજ મહેતા ભવન,

બ્લોક નં.૧, બીજો માળ,

ગાંધીનગર.

તારીખ :- ૦૭/૦૮/૨૦૧૩.

વંચાણે લીધો:-

૧ . જીસીવીટીના તા.૦૧/૦૧/૨૦૦૩ના પરિપત્ર ક્રમાંક:જીસીવીટી/ ઓડિટ/ટી-૧૦/૨૦૦૨/૦૩

૨. જીસીવીટીના તા.૦૫/૦૩/૨૦૦૩ના પરિપત્ર ક્રમાંક:જીસીવીટી/ ઓડિટ/ટી-૧૦/૨૦૦૨/૨૮૧૩

૩. જીસીવીટીના તા.૦૨/૦૮/૨૦૦૫ના પરિપત્ર ક્રમાંક:પરિક્ષા/ટુંકાગાળા/ટી-૭/૬૦૪૭

૪. જીસીવીટીના તા.૧૫/૧૨/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક:જીસીવીટી/મહેકમ/રેમ્યુ.દરો/૨૦૦૮/૧૩૦૬૬

૫.જીસીવીટીના તા.૧૯/૦૬/૨૦૧૨ના પરિપત્ર ક્રમાંક:જીસીવીટી/હસબ/ ઓડિટ/CA/૨૦૧૨/૧૦૪૯૪

૬. જીસીવીટીના તા.૨૯/૧૦/૨૦૧૨ના પરિપત્ર ક્રમાંક:જીસીવીટી/ ઓડિટ/ટી-૯/૨૦૧૨/૧૪૫૬૦

૭. જીસીવીટીના તા.૦૭/૦૮/૨૦૧૩ના પરિપત્ર ક્રમાંક:જીસીવીટી/ ઓડિટ/ટી-૯/૨૦૧૩/૯૭૩૦

પરિપત્ર:-

રાજ્યની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે આ કાઉન્સીલના રાખવામાં આવતાં હિસાબો અન્વયે વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાનનાં હિસાબોની ઓડીટ કામગીરી આ કાઉન્સીલ દ્વારા નિમાયેલ ચાર્ટડ એકાઉન્ટન્ટ પી.કે.અજમેરા એન્ડ કું. અમદાવાદ મારફત કરાવવામાં આવેલ છે. હિસાબો નિભાવવા અંગે આ કાઉન્સીલ ખાતેથી નિયત કરેલ પધ્ધતિ/નિયમો સાથે સંસ્થાઓ ખાતે નિભાવવામાં આવતાં હિસાબો ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા કેટલાક સુચનો કરવામાં આવેલ છે.

સંસ્થાઓ ખાતે નિભાવવામાં આવતાં હિસાબો અત્રેથી સમયાન્તરે વંચાણે લીધેલ પરિપત્રોથી સુચવેલ પધ્ધતિ/નિયમોને આધિન નિભાવવામાં આવે અને તે પ્રકારે હિસાબો રાખવાના પ્રશ્ને એકસૂત્રતા જળવાય તે હેતુસર હવેથી, જીસીવીટી તરફથી સંસ્થાઓ ને ચુકવવામાં આવતી રકમ રેમ્યુનરેશન વિગેરેની રકમ વિના વિલંબે ઉપલબ્ધ થાય તેમજ જીસીવીટી ખાતે જમા કરવામાં આવતી રકમ પણ વિના વિલંબે જીસીવીટીને ઉપલબ્ધ થાય અને રોકડ વ્યવહારમા (cash transactions) નોંધપાત્ર ઘટાડો થાય તેમજ વિસંગતતા ટાળવાના હેતુસર ચાર્ટર્ડએકાઉન્ટન્ટશ્રી દ્વારા સુચવેલ નીચે મુજબની નાણાકીય વ્યહારો માટેની પદ્ધતિ તાત્કાલિક અસરથી અમલમાં મુકવાની રહે છે. જેને ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે. સુચનાઓના અમલીકરણ અંગેની સઘળી જવાબદારી સંસ્થાની રહેશે, જેની ખાસ નોંધ લેવી.

૧. સંસ્થાને જીસીવીટી દ્વારા જે ચુકવણી કરવામાં આવે છે, તે (રેમ્યુનરેશન વિગેરે..) હવેથી જીસીવીટી દ્વારા ડી.ડી.ઓ. સંસ્થાના PLA ખાતામાં સીધી જમા કરાવવામાં આવશે. આ હેતુસર સંસ્થાઓ દ્વારા કોઈપણ પ્રકારનું બીલ હવેથી જીસીવીટીમા રજુ કરવામાં આવે ત્યારે તેમાં ડી.ડી.ઓ. સંસ્થાના બેંક ખાતાની વિગત જેવી કે ખાતાનું નામ, નંબર, બેન્કનું નામ અને બેંકનો કોડ અવશ્ય દર્શાવવાના રહેશે. તે સિવાય ચુકવણીની પ્રક્રિયામાં વિલંબ થશે તો તે માટેની જવાબદારી સંબંધિત સંસ્થાની રહેશે.

જીસીવીટી દ્વારા ડી.ડી.ઓ.સંસ્થાને મળેલ રકમ ૦૭ દિવસમાં સંબંધિતને ચૂકવીને તેની પહોચ મેળવી લેવાની રહેશે.

૨. હાલમાં સરકારી સંસ્થા/નોડલ/ડી.ડી.ઓ. સંસ્થા ખાતેની વિવિધ આવક કે જે જીસીવીટીમા જમા કરાવવામાં આવે છે તે ડી.ડી./ ચેક સ્વરૂપે ટપાલથી મોકલવામાં આવે છે **તેના બદલે હવે પછીથી તમામ નોન-ડી.ડી.ઓ. સંસ્થાઓ (સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ/ટેકનીકલ શાળાઓ)એ તેમના જીસીવીટીને લગતા નાણાકીય વ્યવહારો જરૂરી આધાર સહીત સંબંધિત ડી.ડી.ઓ. સંસ્થા મારફત જ કરવાના રહેશે અને જીસીવીટી ખાતે જમા કરવાની દરેક પ્રકારની આવક માત્ર ડી.ડી.ઓ. સંસ્થાઓ દ્વારા જીસીવીટીનાં બેંક ખાતામા સીધે સીધી જમા કરાવવાની રહેશે.**

જીસીવીટીનાં બેંક ખાતાની વિગત નીચે પ્રમાણે છે:

ખાતાનું નામ: **ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ**

બેંકનું નામ: **સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા**

બ્રાન્ચ: **મેઈન બ્રાન્ચ, ગાંધીનગર**

બચત ખાતા નં: **૧૦૩૨૫૦૬૮૬૧૫**

IFS CODE: **SBIN0001355**

ડી.ડી.ઓ. સંસ્થા ખાતે થયેલ તમામ આવક સંસ્થાના PLA **ચેક/રોકડ થી** જમા કરાવવી. જીસીવીટીની આવક બેંક ખાતે જમા કરાવ્યેથી તુરંત જ બેંક સ્લીપની પ્રમાણિત નકલ સાથે આવક અંગેનું નિર્ધારિત વિગતવાર પત્રક **gcvtacc@gmail.com** પર ઈમેલથી એજ દિવસે મોકલી આપવું તેમજ ટપાલની નકલ (હાર્ડ કોપી) પણ સાથે સાથે બિનચૂક મોકલી આપવી. જેથી જે-તે સંસ્થાનાં હિસાબોમાં સમયસર તે આવક જમા બતાવી શકાય અને બિનજરૂરી ઓડિટ પોઈન્ટ ઊભાં થવાને અવકાશ રહે નહિ.

૩. વિવિધ પરીક્ષાના રેમ્યુનરેશન બિલો પરીક્ષા પૂર્ણ થયા બાદ દિન (૧૫)માં જીસીવીટી ખાતે મોકલવાના રહેશે. પરીક્ષા રેમ્યુનરેશન, પ્રવાસ ભથ્થા કે અન્ય કોઈપણ દાવો નાણાકીય નિયમોની જોગવાઈ મુજબ **૦૧ વર્ષ પછી રદ થયેલ ગણવામાં આવશે** અને ત્યારબાદ કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.

(ફાઈલ ઉપર સભ્યસચિવશ્રી, જીસીવીટી
અને કમિશ્નરશ્રી, રોજગાર અને તાલીમનાં
આદેશ છે.)

નાયબ નિયામક (તાલીમ)
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ
ગાંધીનગર.

પ્રતિ,

(૧)આચાર્યશ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા(તમામ ડી.ડી.ઓ.)...................... તાત્કાલિક અમલવારી માટે

(૨)નાયબ નિયામક, પ્રાદેશિક કચેરી(તાલીમ), અમદાવાદ,વડોદરા,રાજકોટ,સુરત....આપના ક્ષેત્રની તમામ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ/ટેકનીકલ શાળાઓને આ પરિપત્ર તાત્કાલિક પાઠવીને અમલવારી માટે જરૂરી કાર્યવાહી સારું.

(૩)ગ્રાન્ટ ઇન એઇડ(ઘ), હિસાબી શાખા,વડી કચેરી,ગાંધીનગર જાણ સારું.

(૪)ગ્રુપ ઇન્સ્ટ્રક્ટર જીસીવીટી, પરિપત્ર વેબસાઈટ પર મુકવા સારું.

(૫) [illegible] જાણ સારું